આંક :-

| | | | |
|---|---|---|---|
| દાવા પ્રાપ્તિ તારીખ : | ૧૪/૧૦/૨૦૨૪ | | |
| દાવા દાખલ તારીખ : | ૧૪/૧૦/૨૦૨૪ | | |
| દાવા નિર્ણિત તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૧૬ |

જૂનાગઢના મહે. મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,
મુકામ - જૂનાગઢ.

## કોમર્શિયલ સ્યુટ નંબર : ૬૪/૨૦૨૪.

બેંક ઓફ બરોડા,
તે બેન્કીંગ કંપનીઝ એકવીઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ
અંડરટેઇકીંગ એકટની જોગવાઇઓ મુજબ રચાયેલ
રાષ્ટ્રીયકૃત બેંક છે, જેની રીજીયોનલ ઓફિસ જૂનાગઢમાં આવેલ છે,
જેની એક શાખા જૂનાગઢમાં કોલેજ રોડ ઉપર આવેલ છે.
મેનેજર મારફત :-
બેંક ઓફ બરોડા, કોલેજ રોડ શાખા,
બહાઉદ્દિન કોલેજ સામે, વંથલી રોડ, જુનાગઢ. - વાદી.

વિરૂધ્ધ.

હાર્દિક રમણીકલાલ ભટ્ટ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
રહેવાસી : જૂનાગઢ. - પ્રતિવાદી

બાબત : <u>વાણિજયક રીતેના વ્યવહાર મુજબ લેણી રકમ રૂા.૬,૧૮,૦૩૮/- તથા ચડત વ્યાજ વસૂલ મળવા અંગે.</u>

| | |
|---|---|
| ધારાશાસ્ત્રી : | વાદી તરફે વિ.વકીલશ્રી કે. એન. પુરોહિત. |
| | પ્રતિવાદી સામે એકતરફી. |

<u>-:: ઠ રા વ ::-</u>

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી બેંક ઓફ બરોડા બેન્કીંગ એકટ હેઠળની રચાયેલ રાષ્ટ્રીયકૃત બેંક છે અને તેની અનેક શાખાઓ પૈકી એક શાખા જૂનાગઢ મુકામે આવેલ છે, દાવા અરજીમાં સહી કરનાર કાયદેસર અધિકૃત અધિકારી છે અને બ્રાંચના મેનેજરને દાવો લાવવા અધિકાર છે. આ કામના પ્રતિવાદી જૂનાગઢ મુકામે રહે છે અને કન્સલ્ટન્સીનું કામકાજ કરે છે. પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી રૂા.૬,૩૦,૦૦૦/- ની કાર લોન તા.૨૨/૦૩/૨૦૧૯ ના અરસામાં લીધેલ છે. વાદી બેન્કીંગનો વ્યવસાય કરે છે અને જાહેર પબ્લીકમાંથી ડીપોઝીટ મેળવે છે અને નાણાં ધીરવાનું કામ કરે છે. વાદી બેંક ટર્મ લોન, શૈક્ષણિક લોન, ધંધાકીય ધીરાણ, કેશ ક્રેડીટ અને ઓવર ડ્રાફટ લોન તથા પર્સનલ લોનનું કામકાજ કરે છે. વાદી બેંક પબ્લીકમાંથી ડીપોઝીટ મેળવે છે અને તે પર વ્યાજ આપે છે તથા લોન આપે છે અને તે પર વ્યાજ વસૂલ કરે છે. આ કામના પ્રતિવાદી ઉધારકર્તા છે. પ્રતિવાદીએ મેમો ઓફ એટેસ્ટેશન ઓફ ડોકયુમેન્ટ, ડીમાન્ડ પ્રોમીસરી નોટ, લેટર ઓફ ઇન્સ્ટોલમેન્ટ વીથ એસેલેશન કલોઝ, લેટર ઓફ ઓથોરીટી ટુ ચેક પેમેન્ટ ડાયરેકટલી ટુ ધ ડીલર, ડેકલેરેશન ઓફ હાઇપોથીકેશન, ડેકલેરેશન કમ અંડરટેકીંગ કમ ઓથોરીટી, લેણાનું લેખિત અંગીકરણ વિગેરે દસ્તાવેજો કરેલ છે. પ્રતિવાદીએ વાદી બેંક સાથે થયેલ રકમ મુજબ બેંક પાસેથી લીધેલ લોનની રકમ નિયમિત રીતે નિયત સમયમાં ભરવાની હતી અને તેમ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ જતા વાદી બેંક પ્રતિવાદી પાસેથી વાદી બેંકની લોનની રકમનું લેણું

ચડત વ્યાજ તથા દંડનીય વ્યાજ સહિત એક આંકડે વસૂલ મેળવવા હકકદાર બનેલ. વાદી બેંકે પ્રતિવાદી પાસે લેણાની રકમ ભરપાઇ કરવા અવાર નવાર જણાવવા છતાં પ્રતિવાદીએ વાદી બેંકના લેણાની રકમનું ભરપાઇ કરેલ નથી. ત્યારબાદ તા.૧૨/૦૭/૨૦૨૧ ની નોટિસ આપી ત્યારથી તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વાદી બેંકનું લેણું કબૂલ રાખી લેણાનું લેખિત અંગીકરણ કરી આપતા ત્યારથી સતત કારણ ઉત્પન્ન થયેલ છે જેથી હાલનો દાવો ફરજ પડેલ છે. ઉપરાંત પ્રતિવાદીએ વાદી બેંકની લોનની લેણી રકમ નિયત સમયમાં નહીં ભરતા કરાર મુજબ વાદી બેંક પ્રતિવાદી પાસે ૨% લેખે દંડનીય વ્યાજ વસૂલ મેળવવા હકકદાર બનેલ છે. વાદી બેંકનું પ્રતિવાદી પાસે સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ મુજબ તા.૩૧/૧૨/૨૦૧૯ સુધી વ્યાજ સહિત રૂા.૬,૧૮,૦૩૮/- બાકી લેણું નીકળે છે. જેથી હાલનો દાવો લાવી વાદીની લેણી રકમ રૂા.૬,૧૮,૦૩૮/- તથા તા.૩૧/૧૨/૨૦૧૯ થી કરાર મુજબ ૯.૪૦% લેખે તથા દંડની વ્યાજ ૨% મળી ૧૧.૪૦% લેખે વ્યાજ અપાવવા અને આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત મિલકત તથા હાઇપોથીકેશનમાં રહેલ મોટર કાર ઉપરથી વસૂલ અપાવવા તેમજ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસૂલ અપાવવા તેમજ દાવાને અનુરૂપ બીજી મળી શકતી તમામ દાદ વાદીને અપાવવા વાદીના લાભમાં હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

(૨) દાવાના અનુસંધાને પ્રતિવાદીને સમન્સ કરવામાં આવેલ, જે વગરબજે પરત થયેલ ત્યારબાદ વાદી તરફે આંક-૧૧ થી જાહેર સમન્સ કરવાની અરજી આપતા, અરજી મંજુર કરી જાહેર સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની જાહેર પ્રસિધ્ધિ તા.૨૯/૦૭/૨૦૨૫ ના "સંદેશ" દૈનિક વર્તમાનપત્રની જૂનાગઢ આવૃતિમાં કરવામાં આવેલ. જાહેર સમન્સની પ્રસિધ્ધિ થવા છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઇ જવાબ રજુ રાખેલ નથી જેથી પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવાવા તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ આંક-૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે દાવાના નિર્ણય માટે આંક-૧૪ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

1. Whether the plaintiff proves that the suit has been filed by the authorised person of the plaintiff bank ?

2. Whether the plaintiff proves that defendant borrowed Rs.6,30,000/- towards old Car loan from the plaintiff bank ?

3. Whether the plaintiff proves that the defendant failed to repay the loan amount ?

4. Whether the plaintiff is entitled to recover the loan amunt of Rs.6,18,038/- from the defendant ?

5. Whether the plaintiff is entitled to get interest on the suit amount ? If yes, at what rate ?

6. What is due to the plaintiff ?

7. What order and decree ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : હકારમાં.

મુદા નં.(૨) : હકારમાં.

મુદા નં.(૩) : હકારમાં.

મુદા નં.(૪) : નકારમાં.

મુદા નં.(૫) : નકારમાં.

મુદા નં.(૬) : કાંઇ નહીં.

મુદા નં.(૭) : આખરી હુકમ મુજબ.

(૫)      આંક-૧૪ થી ઉપસ્થિત કરવામાં આવેલ મુદા પુરવાર કરવા માટે વાદી ધ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧. | વાદી બેંક તરફે ચીફ મેનેજર જયોતિ રોહિતનું સરતપાસનું સોગંદનામું. | ૧૫ |

<u>દસ્તાવેજી પુરાવો :</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદીના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ. | ૧૯ |
| ૨. | મેમો ઓફ એટેસ્ટેશન ઓફ ડોકયુમેન્ટ. | ૨૨ |
| ૩. | ડીમાન્ડ પ્રોસીસરી નોટ. | ૨૩ |
| ૪. | લેટર ઓફ ઇસ્ટોલમેન્ટ વીથ એસેલેરેશન કલોઝ | ૨૪ |
| ૫. | લેટર ઓફ ઓથોરીટી મેક પેમેન્ટ ડાયરેકટલી ટુ ધી ડીલર. | ૨૫ |
| ૬. | ઇન્સ્ટુમેન્ટ ઓફ હાઇપોથીકેશન ઓફ વ્હીકલ. | ૨૬ |
| ૭. | ડેકલેરેશન કમ અંડરટેકીંગ કમ ઓથોરીટી. | ૨૭ |
| ૮. | પ્રતિવાદીએ કરી આપેલ લેણાનું લેખિત અંગીકરણ. | ૨૮ |
| ૯. | વાદીએ. વકીલ મારફત પ્રતિવાદીને તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ આપેલ લીલ નોટિસની સ્થળપ્રત. | ૨૯ |
| ૧૦. | રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ. | ૩૦ |
| ૧૧. | પ્રતિવાદીની લોન અરજી. | ૩૧ |

વાદી તરફથી આ સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વાદી તરફે વિ.વકીલશ્રીએ તેઓ આ કામે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક-૩૨ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે આ કામે પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૭) આ કામે વાદીના વિ.વકીલશ્રી કે. એન. પુરોહિતની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

## -:: નિર્ણય માટેના કારણો ::-

(૮) આ કામે વાદી ધ્વારા કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪, ૧૦૫ અને ૧૦૬ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**104. Burden of proof.—**Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**105. On whom burden of proof lies.—**The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

**106. Burden of proof as to particular fact.—**The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

ઉપરોકત જોગવાઇ મુજબ જયારે કોઇ પક્ષકાર એમ ઇચ્છતી હોય કે તેણે કહેલી અથવા રજૂ કરેલી કોઇ હકીકત અસ્તિત્વમાં છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઇ ફેંસલો કોઇ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત જોગવાઇથી જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત કરવાનો બોજો તે પક્ષ્કારે પુરવાર કરવો પડે. વધુમાં સદર બાબતે નીચે મુજબની હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે.

**[a]** The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

**[b]** The burden of proof on the pleadings should not be confused with the burden of adducing evidence.

**[c]** Pleading is not evidence, far less proof..

**[d]** The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications and there may be exception thereto.

<u>મુદા નં.(૧) થી (૬) :-</u>

(૯) આ કામે મુદા નં.૧ થી ૬ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે વાદી બેંકના ચીફ જયોતિ રોહિત નાઓએ દાવાની હકીકત પુરવાર કરવા આંક-૧૫ થી દિવાની કાર્યરીતિ અધિનિયમ હુકમ-૧૮, નિયમ-૪ મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવા અરજીની હકીકતોને અનુરૂપ હકીકતો જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. સદરહુ વાદીની પ્રતિવાદી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય વાદી તરફેની હકીકત બિનપડકારેલી રહેલી છે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક-૩૧ ની વિગતે પ્રતિવાદીએ તા.૧૯/૦૩/૨૦૧૯ ના રોજ વાદી બેંકને વાહન લોન મેળવવા અરજી કરેલ હોવાનું જણાય આવે છે. જે અનુસંધાને પ્રતિવાદી ધ્વારા આંક-૨૩ થી ૨૮ ના દસ્તાવેજો વાદી બેંકની તરફેણમાં લખી આપેલ હોવાનું જણાય આવે છે અને આંક-૨૨ ની વિગતે એટેસ્ટેશન મેમો તૈયાર

કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. તેમજ આંક-૨૩ ની વિગતે ૯.૪૦% વ્યાજ અંગે ડીમાન્ડ પ્રોમીસરી નોટ લખી આપેલ હોવાનું અને આંક-૨૪ ની વિગતે રૂા.૬,૩૦,૦૦૦/- ની લોન મેળવેલ અને વાહન અંગે હાઇપોથીકેશન કરી આપેલ હોવાનું જણાય આવે છે. આંક-૧૯ ના પ્રતિવાદીના લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ રૂા.૬,૧૮,૦૩૮/- બાકી લેણા નીકળતા હોવાનું જણાય આવે છે. તેમજ આંક-૨૯ ની વિગતે વાદી બેંક તરફથી વકીલ મારફત તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ લીગલ નોટિસ આપવામાં આવેલ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાદીની દાવા અરજી આંક-૧ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી બેંક વતી અધિકૃત બ્રાંચ મેનેજર ધ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી વાહન લોન મેળવવા અરજી આપેલ, જે લોન રૂા.૬,૩૦,૦૦૦/- ની મર્યાદામાં મંજુર થતા પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણમાં જરૂરી દસ્તાવેજો હાઇપોથીકેશન એગ્રીમેન્ટ કરી આપેલ. પ્રતિવાદીએ લીધેલ લોનની રકમ ભરપાઇ ન કરતા વાદી તરફથી વકીલ મારફત કાનૂની નોટિસ આપવામાં આવેલ, જે નોટિસ બજી જવા છતાં રકમ ભરપાઇ ન કરતા આંક-૧૯ ના સ્ટેટમેન્ટ મુજબ રૂા.૬,૧૮,૦૩૮/- બાકી નીકળતા હોવાનું જણાય આવે છે. જેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૧૩) વાદીનો હાલનો દાવો બેંકના અધિકૃત વ્યકિતએ દાખલ કરેલ હોવાનું અને પ્રતિવાદીને કાર લોન મેળવેલ અને તે લોનની રકમ ભરપાઇ કરેલ ન હોવાનું પુરવાર થાય છે ત્યારે સદરહુ બાકી નીકળતી રકમ વાદી વસૂલ મેળવવા હકકદાર છે કે કેમ તે અંગે જોવામાં આવે તો વાદીએ દાવા અરજીના પારા-૧૦ માં

એવું કથન કરેલ છે કે, દાવાનું કારણ પ્રતિવાદીએ તા.૨૨/૦૩/૨૦૧૯ ના રોજ રૂા.૬,૩૦,૦૦૦/- ની લોન લઇ આ લોન અંગેના જરૂરી દસ્તાવેજો મુજબ વાદી બેંક જોગ કરી આપેલ ત્યારથી તેમજ ત્યારબાદ તા.૧૨/૦૭/૨૦૨૧ ની નોટિસ આપી ત્યારથી તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વાદી બેંકનું લેણું કબૂલ રાખી લેણાનું લેખિત અંગીકરણ કરી આપતા ત્યારથી સતત રીતે ઉત્પન્ન થયેલ છે અને દાવો મુદતમાં છે. વાદીના દાવાના કથન તથા વાદીએ પ્રતિવાદીને આપેલ આંક-૨૯ ની નોટિસ તથા પ્રતિવાદીએ આંક-૨૮ થી કરી આપેલ લેખિત અંગીકરણની હકીકત ધ્યાને લઇએ તો પ્રતિવાદીએ લોનની રકમ ભરપાઇ નહીં કરતા તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ લીગલ નોટિસ આપેલ અને ત્યારબાદ પ્રતિવાદીએ બાકી લેણા અંગે તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વાદી બેંકનું લેણું કબૂલ રાખી લેખિત અંગીકરણ કરી આપેલ જેથી સમય મર્યાદાના કાયદાની કલમ-૧૮ મુજબ ત્યારથી દાવાની સમય મર્યાદા શરૂ થયેલી ગણાય. વાદીએ હાલનો દાવો લોનની બાકી નીકળતી લેણી રકમ વસૂલ મળવા દાખલ કરેલ છે ત્યારે દાવાનું સ્વરૂપ જોતા વાદીએ સદરહુ દાવો તા.૧૭/૦૭/૨૦૨૧ ની તારીખથી ત્રણ વર્ષની સમય મર્યાદામાં દાખલ કરવો જોઇએ, પરંતુ વાદી બેંક ધ્વારા હાલનો દાવો તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે, એટલે કે ૩ વર્ષ - ૨ માસ અને ૨૬ દિવસ બાદ દાખલ કરેલ છે ત્યારે વાદીના હાલના દાવાને સ્પષ્ટપણે સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે. જેથી વાદી સમય મર્યાદામાં દાવો લાવી બાકી નીકળતા નાણાંની માંગણી કરેલ ન હોય તેવા સંજોગોમાં વાદી બેંક લોનની બાકી નીકળતી રકમ પ્રતિવાદી પાસેથી વસૂલ મેળવવા હકકદાર ઠરતા નથી અને મુદલ રકમ જ વસૂલ મેળવવા હકકદાર ન હોય ત્યારે વ્યાજ અંગેની પણ કોઇ રકમ મેળવવા હકકદાર બને નહીં તેથી વાદી દાવામાં માંગ્યા મુજબની કોઇ રકમ વસૂલ મેળવવા હકકદાર ન હોય અને વાદીનો

દાવો સમય મર્યાદા મુદ્દે ટકવાપાત્ર ન હોય મુદા નં.૪, ૫ અને ૬ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવા અંગે થયેલ ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)